પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ०२६१ २२४१३०४
e-mail : special.cp.sur@gmail.com

# :: જાહેરનામું ::

## -: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ :-

ક્રમાંક: એસ.બી. / જેલસુરક્ષા / ૩૦ /૨૦૨૫

ભુતકાળમાં બનેલ દેશ વિરોધી તથા સમાજ વિરોધી બનાવોની તપાસ દરમ્યાન આવા બનાવોમાં સંડોવાયેલ આરોપીઓમાં જેલમાં રહેલ કેદીઓ પણ સામેલ હોવાની હકિક્ત જાણવા મળેલ છે તેમજ તાજેતરમાં જેલ કસ્ટડીમાં રહેલ આરોપીઓ જાપ્તામાંથી ભાગી જવાના બનાવોની તપાસ દરમ્યાન પણ જે હકિકત બહાર આવેલ છે તે મુજબ આ કેદીઓ તેઓની જેલ કસ્ટડી દરમ્યાન પોતાની પાસેના મોબાઇલ ફોનનો ઉપયોગ કરતા હોવાની હકિકત તપાસ દરમ્યાન જણાયેલ છે તેમજ જેલમાં રહેલ દેશ વિરોધી કૃત્ય કરવા વાળા ઇસમો આ રીતે જેલમાં રહી મોબાઇલનો ઉપયોગ કરી ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે જેથી દેશની આંતરીક સલામતી તથા માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની મિલકતને નુકસાન ન થાય તેવા કૃત્ય અટકાવવા તથા સુરક્ષાને ધ્યાને લઇ તકેદારી ના પગલા રૂપે સુરત લાજપોર મધ્યસ્થ જેલ પ્રિમાઇસીસમાં (સંકુલમાં) અમુક નિયંત્રણો મુકવાનુ જરુરી જણાય છે.

:: હુ ક મ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ સુરત લાજપોર મધ્યસ્થ જેલ પ્રિમાઇસીસમાં (સંકુલમાં) સલામતી અને સુરક્ષાના કારણોને ધ્યાને લઇ આ પ્રિમાઇસીસમાં કોઇપણ વ્યક્તિ મોબાઇલ ફોન, આઇપેડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ નો ઉપયોગ કરી શકશે નહીં અને મોબાઇલ ફોન કે સીમકાર્ડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ સાથે રાખી શકશે નહીં તેમજ આવા કોઇ સાધનો/ ગેઝેટ્સ સાથે જેલના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહીં /કરશે નહીં

:: અપવાદ::

કોઇ પણ જાહેર રાજ્ય સેવક કે જે પોતાની ફરજ ના ભાગ રૂપે બંધાયેલ છે તેવી વ્યક્તિ ને તેની ફરજ દરમ્યાન આ હુકમ લાગુ પડશે નહીં.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.03/03/૨૦૨૫ ના ક.00-00 થી તા.૦૧/૦૫/૨૦૨૫ ના ક.૨૪-00 વાગ્યા સુધી સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળ ના સમગ્ર વિસ્તારમા રેહેશે.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળ સુરત લાજપોર મધ્યસ્થ જેલ પ્રિમાઇસીસમાં (સંકુલ માં) નો સમગ્ર વિસ્તારમાં રેહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::જાહેર વિજ્ઞપ્તિ::

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર,આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશનર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ:૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ મારા સહી સીક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ. બી. સુરત શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સુરત શહેર
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક તથા ક્રાઇમ, સેક્ટર-૨ સુરત શહેર
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

સવિનય નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)